જુના કુકરમુંડા યોજના GEBના પાપે અધુરી

નિઝર, ઉચ્છલ, કુકરમુંડા, સોનગઢ તાલુકાના ઉકાઈ જળાશયના વિસ્થાપિતો માટે 390 કરોડની સિંચાઈ યોજના બે વર્ષથી તૈયાર

સિંચાઈના અભાવે રોજગારી વકરી, લોકો સ્થળાંતર કરવા મજબૂર, ઉનાળામાં ફરી તીવ્ર પાણીની તંગી વેઠવી પડશે

કુકરમુંડાઃ નિઝર, ઉચ્છલ, કુકરમુંડા અને સોનગઢ તાલુકાના ઉકાઈ જળાશયના વિસ્થાપિત તથા રેવન્યુ ગામડાઓ માટે રૂ.390 કરોડની વિશાળ સિંચાઈ યોજના તાપી નદીના કિનારે આવેલા જુના કુકરમુંડા ખાતે તૈયાર કરવામાં આવી છે, પરંતુ વીજ વિભાગ તરફથી અલગ વીજ લાઈન તથા 66 કે.વી. ટ્રાન્સફોર્મર નહીં મળતા છેલ્લા બે વર્ષથી યોજના બંધ હાલતમાં પડી છે. આ વિસ્તારોના મોટાભાગના ગામડાઓ ઉકાઈ જળાશય વિસ્થાપિત હોવાથી લોકો આજે પણ આકાશી ખેતી પર નિર્ભર છે. યોગ્ય સિંચાઈના અભાવે રોજગારીના પ્રશ્નો ઊભા થતા મોટી સંખ્યામાં લોકો મજૂરી માટે શહેરોમાં સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. સાથે સાથે ઉનાળામાં પીવાના પાણીની તીવ્ર સમસ્યા અને પશુપાલનમાં નુકસાન પણ સહન કરવું પડી રહ્યું છે.

આ તમામ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને તે વખતના રાજ્યના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન દ્વારા સોનગઢ તાલુકાના ગુણસદા ખાતે જાહેર કાર્યક્રમમાં આ યોજના જાહેર કરી અમલમાં મકવામાં આવી હતી. યોજના બે વર્ષમાં પૂર્ણ કરવાની હતી, પરંતુ પાંચ વર્ષનો સમય વીતી જવા છતાં ખેડૂતો અને ગામડાઓના લોકોને તેનો લાભ મળ્યો નથી. જુના કુકરમુંડા ખાતે તૈયાર થયેલી આ યોજના શરૂ થાય તો નિઝર, ઉચ્છલ, કુકરમુંડા અને સોનગઢ તાલુકાના વિસ્થાપિત તથા રેવન્યુ ગામડાઓ માટે જીવાદોરી સાબિત થશે, પરંતુ લાંબા વિલંબને કારણે ખેડૂતોમાં ભારે નિરાશા ફેલાઈ છે. આથી સ્થાનિક લોકો, ખેડૂતો અને સામાજિક કાર્યકરો દ્વારા માંગ ઉઠી છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને જવાબદાર તંત્ર તાત્કાલિક રાજ્ય સરકારનું ધ્યાન દોરી, આવનારા ઉનાળા પહેલા તૈયાર થયેલી આ યોજનાને વીજ જોડાણ આપી શરૂ કરે.

સિંચાઈ વિભાગે 80 કરોડ ચૂકવી દીધાં હોવા છતાં વીજ વિભાગે વીજપુરવઠો શરૂ કર્યો નથી!

આ બાબતે ઉકાઈ જળાશય સ્થિત નાની સિંચાઈ યોજનાના નાયબ કાર્યપાલક ઈજનેર મયંક રાઠોડનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે 390 કરોડની સિંચાઈ યોજના કુકરમુંડા તાલુકાના જુના કુકરમુંડા તાપી કિનારે બનીને તૈયાર થઇ ગઈ છે પણ તેને ચાલુ કરવા માટે જેટલો વીજ પુરવઠાનો સ્ત્રોત જોઈએ છે તે વીજ વિભાગથી આજ સુધી મળી શક્યો નથી. આ વીજ પુરવઠા માટે અમારા વિભાગ તરફથી જે રકમ વીજ વિભાગને આપવાની થાય છે તે 80 કરોડ રૂપિયા જેટલી રકમ અમે ભરી દીધી છે. પણ આજ સુધી વીજ પુરવઠો અમને મળી શક્યો નથી. તેથી આ યોજના બની અને બે વર્ષથી બંધ છે તેવું જણાવ્યું હતું.

મોડી રાત્રે અકસ્માતમાં ઘાયલ બે યુવકનાં મોત, જાણ છેક સવારે થઈ

પાટલામહુ ગામ પાસે ટ્રીપલસવારી બાઇક પુલિયામાં ખાબકતા ગમખ્વાર અકસ્માત, 1ને ગંભીર ઈજા

બેડાપાણીના ત્રણ મિત્ર દાબકા ગામે લગ્નમાંથી પરત આવી રહ્યા હતા

સાગબારાઃ લગ્નનો પ્રસંગ પતાવીને પરત ફરતી વેળા પાટલામહુ ગામે વળાંક પાસે મોટરસાયકલ પુલિયામાં ખાબકતા બે યુવાનને કાળ ભરખી ગયો હતો.

સાગબારા તાલુકાના બેડાપાણી ગામના ત્રણ યુવાન પૈકી પાડવી રાહુલ દિનેશભાઇ (ઉ.વ 22), વસાવા સમીર પ્રકાશભાઇ અને વસાવા રોશન ધીરસિંગભાઈ (બંનેની ઉ.વ.20) મોટર સાઈકલ નં-GJ 22 F 8955 લઈને દાબકા ગામે રાત્રે લગ્ન પ્રસંગે ગયા હતા. પ્રસંગ પતાવી પરત ફરતી વખતે મોડી રાત્રે મહુપાડા અને પાટલામહુ ગામની વચ્ચે વળાંકમા બાઈકના સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા બાઈક નજીકના પુલિયામાં ખાબકતા પાડવી રાહુલ દિનેશભાઈ અને વસાવા સમીર પ્રકાશભાઇ ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે વસાવા રોશન ધીરસિંગભાઈનો બચાવ થયો હતો.

અકસ્માત મધરાત્રે થતા બે યુવાનના પ્રાણપંખેરૂં ઉડી ગયા હતા જ્યારે ત્રીજો મિત્ર બેભાન થઈ ગયો હતો.

નજીકમાં રહેતા લોકોને અકસ્માતની જાણ વહેલી સવારે થઈ હતી. ઘાયલ યુવાનને સાગબારા CHC દાખલ કરવામાં આવ્યો હતો. સાગબારા પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલી એજ્યુ. સોસાયટીના ચિપકુ પ્રમુખ-સેક્રેટરી હવે જશે

બંને સામે ગેરવહીવટનો ગંભીર આક્ષેપ હતો અને મુદત પૂરી થયા બાદ પણ સત્તા છોડી ન હતી

ચેરિટી કમિશનરના બંનેને હોદ્દા પરથી દૂર રાખવાના નિર્ણયને હાઈકોર્ટે માન્ય રાખતા હવે નવી નિયુક્તિનો માર્ગ મોકળો

બારડોલીઃ બારડોલીની પ્રતિષ્ઠિત અને સૌથી જૂની સંસ્થા 'બારડોલી એજ્યુકેશન સોસાયટી' સંચાલિત B.A.B.S. હાઈસ્કૂલ સંકુલમાં લાંબા સમયથી ચાલી રહેલા સત્તાના સંઘર્ષનો આખરે અંત આવ્યો છે. સંસ્થાના પ્રમુખ હસમુખભાઈ પટેલ અને સેક્રેટરી વ્યોમ પાઠક સામે ગેરવહીવટ તેમજ મુદત પૂરી થયા છતાં સત્તા ન છોડવાના ગંભીર આક્ષેપો બાદ, ગુજરાત હાઈકોર્ટે પણ ચેરિટી કમિશનરના આદેશને માન્ય રાખી તેમને પદ પરથી હટાવવાની મંજૂરી આપી દીધી છે.

સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પ્રમુખ અને સેક્રેટરીની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં તેઓ ગેરકાયદે રીતે સંસ્થાનો વહીવટ ચલાવી રહ્યા હતા. મામલો સુરત ચેરિટી કમિશનરની અદાલતમાં પહોંચ્યો હતો, જ્યાં તપાસ બાદ બંનેને હોદ્દા પરથી દૂર કરી સંસ્થાનો વહીવટ સાત રિઝર્વ સભ્યોને સોંપવાનો હુકમ કરાયો હતો.

ચેરિટી કમિશનરના આ હુકમને પ્રમુખે હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જો કે હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દઈ ચેરિટી કમિશનરના નિર્ણયને યથાવત રાખ્યો છે. આ ચુકાદાને પગલે હવે સંસ્થામાં નવા વહીવટદારોની નિમણૂકનો માર્ગ મોકળો થયો છે અને સત્તા પર પકડ જમાવી રાખનારા જૂથને મોટો ફટકો પડ્યો છે.

અંકલેશ્વરમાં ગૌવંશની કતલ કરતાં ત્રણ ઝડપાયા, મુખ્ય આરોપી ફરાર

કાગદીવાડના દુધિયાપીર દરગાહ સામેના મકાનમાંથી 130 કિલો શંકાસ્પદ ગૌમાંસ, કતલના સાધનો જપ્ત

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના કાગદીવાડ વિસ્તારમાં પોલીસે ગૌવંશના ગેરકાયદે કટીંગનો પર્દાફાશ કરી ત્રણ ઈસમને ઝડપી પાડ્યા છે, જ્યારે મુખ્ય આરોપી ઘટનાસ્થળેથી ફરાર થયો હોવાનું જાણવા મળ્યું છે.

અંકલેશ્વર શહેર "એ" ડિવિઝન પોલીસે દુધીયાપીર દરગાહ સામે એક રહેણાંક મકાનમાં રેડ કરી હતી. જ્યાં મકાનના પ્રથમ રૂમમાં ત્રણ ઈસમને શંકાસ્પદ ગૌમાંસનું કટીંગ કરતા ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી અંદાજે 130 કિલોગ્રામ શંકાસ્પદ ગૌમાંસ, મોટા છરા, ચપ્પા, કુહાડો, લોખંડના સળીયા, ઈલેક્ટ્રિક વજન કાંટો, એક ઓટોરિક્ષા, નંબર વગરની એક મોપેડ તથા ત્રણ મોબાઈલ ફોન કબ્જે કર્યા છે.

પોલીસે અબ્દુલ રઝાક ગુલામ રસુલ કુરેશી તેમજ સાહીદ અબ્દુલ રસીદ કુરેશીને અટકમાં લીધા છે. મુખ્ય આરોપી આશિફ ઈકબાલ ઉર્ફે મિન્નુ રસીદ કાદર મલેક રેડ દરમ્યાન ફરાર થઈ ગયો હતો. એક કિશોર આરોપીને તેના સંબંધીને સોંપવામાં આવ્યો હતો. પોલીસે એફ.એસ.એલ. સેમ્પલ લેવડાવવામાં આવ્યા છે અને રિપોર્ટ આવ્યા બાદ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વ્યારાના કપુરા પાસે ટેમ્પોની અડફેટે બાઈકસવારનું મોત

વ્યારા : તાપીના વ્યારાથી ઉનાઈ તરફ જતાં વાપી- શામળાજી નેશનલ હાઈવે 56 પર કપુરા ગામની સીમમાં કેનાલ બ્રિજ પર ટેમ્પોની અડફેટે બાઈકચાલકનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ બાઈક ચાલક પરમેશ્વર બાપુ પાટીલ (ઉં.વ 35 હાલ રહે. કરમવેલી ગામ તા. વાપી જી. વલસાડ મૂળ રહે. જલગાંવ) ગત 10-01-2026ના રોજ પોતાની નવી મોટરસાયકલ લઈને પોતાના વતનથી વાપી જઈ રહ્યો હતો.

તે દરમિયાન સાંજે વ્યારાના કપુરા પાસે સામેથી આવતા ટેમ્પો ચાલકે બાઈકને અડફેટે લેતાં પરમેશ્વર બાપુ પાટીલને ગંભીર ઈજા થતાં ઘટના તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

રાજપીપળાના રસેલા ગામે મહિલા સરપંચ અને પતિને માર મરાયો

બોરવેલની કામગીરી જોવા ગયા તો બે હુમલાખોરોએ જાતિવિષયક અપમાન કરી જાનથી મારવા ધમકી આપી

રાજપીપલાઃ રાજપીપલા નજીક રસેલા ગામમાં નજીવી બાબતે ગામના મહિલા સરપંચ અને તેમના પતિને માર મારનાર સામે ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ રસેલા ગામમાં બોરવેલ બનાવાની કામગીરી દરમિયાન મહિલા સરપંચ ભાવિકાબેન ત્યાં જોવા ગયા હતા. ત્યારે બોલાચાલી થતા ગામના દિવ્યરાજસિંહ જસવંતસિંહ રાણાએ ભાવિકાબેનને ધક્કો મારી, નખ માર્યા હતા.

કિરણસિંહ માધવસિંહ જાદવે ત્યાં દોડી આવી ભાવિકાબેનને કહ્યું કે તને વધારે હોંશિયારી છે, તેવું કહી જાતિ વિષયક અપશબ્દો બોલી લાકડી વડે જમણા હાથે કોણીના ભાગે તથા બરડાના ભાગે ફટકા મારી નીચે પાડી ઢીકાપાટુના માર માર્યો હતો. સરપંચના પતિ શૈલેષભાઈ ત્યાં દોડી આવતા તેમને પણ ઢીકા-પાટુંનો માર મારી ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. રાજપીપળા પોલીસે એટ્રોસિટીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવી નાગરિક સહકારી બેન્કની ચૂંટણીમાં 34.60 ટકા મતદાન

હિતેશ પટેલ

આજે સવારે 8 વાગ્યે બેન્કના મકાનમાં મતગણતરી કરાશે, ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ

માંડવીઃ માંડવી નાગરિક સહકારી બેંકની સામાન્ય ચૂંટણી 11 જાન્યુઆરીના રોજ શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. કુલ 13,586 સભાસદમાંથી 4,701 મતદારે મતદાન કર્યું હતું, જે 34.60 ટકા મતદાન દર્શાવે છે.

બેંકના ડિરેક્ટર પદ માટે યોજાયેલી આ ચૂંટણીમાં સામાન્ય બેઠકો માટે 18 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, જેમાંથી 15 ઉમેદવારની પસંદગી કરાશે. જ્યારે SC/ST કેટેગરી માટે બે ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, જેમાંથી એક ઉમેદવાર ચૂંટાશે.

મતદાન પ્રક્રિયા માટે સવારે 8 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી વી.એફ. હાઈસ્કૂલ માંડવી તેમજ જાગૃતિ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, અરેઠ ખાતે બુથો ગોઠવવામાં આવ્યા હતા. મતગણતરી 12 જાન્યુઆરીના રોજ સવારે 8 વાગ્યાથી બેંકના મકાનમાં કરવામાં આવશે, ત્યારબાદ વિજેતા ઉમેદવારો સ્પષ્ટ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન માંડવી નાગરિક સહકારી બેંકના ચૂંટણી અધિકારી તરીકે આશુતોષભાઈ ઉપાધ્યાય તથા તેમની ટીમે ફરજ બજાવી હતી.

ઝઘડિયા તાલુકાના પાણેથા ગામે રેતી માફિયાઓનો ત્રાસ રોકવા

સરપંચે મંજૂરીથી બેરિકેડ લગાડ્યા તો પણ DDOએ નોટિસ ફટકારી!

બિનઅધિકૃત ઓવરલોડેડ રેતીની ટ્રકોથી ગ્રામજનો ત્રાહિમામ પોકારતા સરપંચે ગ્રામ પંચાયતમાં રસ્તો બંધ કરવા ઠરાવ કર્યો

કલેક્ટર, DDO, TDOને લેખિત જાણ કરી પોલીસ બંદોબસ્ત સાથે બેરિકેડ લગાડ્યા તો પણ નોટિસ, રેતીમાફિયાઓના દબાણની ચર્ચા

રાજપીપલાઃ ઝઘડિયા તાલુકાના પાણેથા ગામના સરપંચે ગામમાંથી બિનઅધિકૃત રેતી વહન કરતા ભારે વાહનોને રોકવા ગ્રામ પંચાયતમાં ઠરાવ કરી બેરિકેડ લગાવી રસ્તો બંધ કરતા DDOએ રેત માફિયાઓનું સમર્થન કરતા હોય તેમ સરપંચ પર દબાણ લાવવા પંચાયત અધિનિયમન 57(1) મુજબ નોટિસ ફટકારતા ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાણેથા ગામના ખેડૂતોને ખેતીકામ માટે અવરજવર કરવાના રસ્તા ઉપર બિનઅધિકૃત ઓવરલોડ રેતી ભરેલી ટ્રકોની સતત અવરજવરને કારણે ખેડૂતો ત્રાહિમામ થઈ ગયા હતા અને તેમની ખેતીને પણ નુકશાન થતું હતું. ખેડૂતોની રજૂઆતના પગલે સરપંચ રાકેશભાઈ તડવીએ ખેડૂતોની અરજી લઈ ગ્રામ પંચાયતમાં તેમજ ગ્રામ સભામાં ઠરાવ કરી, તેમજ કલેકટર, DDO, TDOને લેખિત જાણ કરી તેમજ પોલીસ બંદોબસ્ત માંગી રસ્તા પર ભારે વાહનો રોકવા બેરિકેડ લગાવી ભારે વાહનોની અવારજવરર બંધ કરી. ત્યારે ગ્રામજનોના હિતમાં કાયદેસર કામગીરી કરનારા સરપંચને પ્રસંશાને બદલે નોટિસ ફટકારતા DDO ભરૂચની આ કામગીરી સામે લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

ભરુચ DDO રેતી માફિયાઓ કે રાજકીય દબાણમાં કામ કરે છે?

ભરૂચ DDOએ પાણેથાના સરપંચને 57(1) હેઠળની નોટિસ ફટકારતા સરપંચ રાકેશ તડવીએ જણાવ્યું કે DDO રેતી માફિયાઓના દબાણ હેઠળ કામ કરતા હોય તેમ લાગે છે. કારણ કે બેરિકેડ લગાવવાની મંજૂરી લીધી છે અને DDOને પણ તે મામલે જાણ કરી છે. ઉપરાંત આ સમગ્ર મામલો હાઇકોર્ટમાં સબજ્યુડીસશ છે, છતાં પણ DDO નોટિસ આપી છે, જેથી લોકોમાં અનેક તર્ક વિતર્ક થઇ રહ્યા છે.

ભરૂચમાં ભયનું કારણ બનેલી પાંચ પૈકી એક શાહુડી પકડાઈ

પટેલ સોસાયટીમાં સાતેક મહિનાથી પાંચ શાહુડીનો પરિવાર અવરજવર કરતાં ચિંતાનો માહોલ હતો, વન વિભાગે એકને પાંજરે પૂરી રેસ્ક્યુ કર્યું

ભરૂચઃ ભરૂચ શહેરની પટેલ સોસાયટી વિસ્તારમાં છેલ્લા છથી સાત મહિનાથી શાહુડીના પરિવારની અવર-જવરને કારણે રહેવાસીઓમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. સોસાયટીના કમ્પાઉન્ડ તેમજ આસપાસના રસ્તાઓ પર શાહુડીઓ ખુલ્લેઆમ ફરતી જોવા મળતાં લોકોમાં અસુરક્ષાની લાગણી વ્યાપી ગઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અંદાજે પાંચ શાહુડીનો પરિવાર આ વિસ્તારમાં વસવાટ કરતો હતો.આ પરિસ્થિતિની જાણ થતા પટેલ સોસાયટીના જીવદયા પ્રેમી મિતુલ પટેલ, કામધેનુ ગૌરક્ષા સમિતિના આશિષ શર્મા, નેચર પ્રોટેક્શન ક્લબના યોગેશ મિસ્ત્રી અને રમેશ દવે તેમજ કસક વિસ્તારના અન્ય જીવદયા પ્રેમીઓએ પરિસ્થિતિ પર સતત નજર રાખી હતી. કરજીત પટેલના કમ્પાઉન્ડમાં શાહુડી દેખાતા તાત્કાલિક રેસ્ક્યૂ ટીમ સ્થળ પર પહોંચી હતી, પરંતુ અંધારાના કારણે કામગીરીમાં અડચણ આવી હતી.

સ્થાનિકોમાં ભય વધતા, વન્યજીવ રેસ્ક્યૂ નિષ્ણાત આશિષ શર્મા અને નેચર પ્રોટેક્શન ટીમે ભરૂચ વન વિભાગના અધિકારી એમ.બી. ડાભીના માર્ગદર્શન હેઠળ શાહુડીને પકડવા માટે પાંજરા ગોઠવવાની કાર્યવાહી હાથ ધરી હતી. અંતે, ગત રાત્રે એક શાહુડી પાંજરામાં ઝડપાઈ ગઈ હતી. વન વિભાગ દ્વારા પકડાયેલી શાહુડીને હવે અનુકૂળ અને કુદરતી વાતાવરણમાં સુરક્ષિત રીતે મુક્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

કકળાટ એક્સપ્રેસ વેનું કનેક્શન ખોરવાતા રોજીંદી અવરજવરવાળા વાહનચાલકોએ રજૂઆતોનો મારો શરૂ કર્યો

પુનગામ એન્ટ્રી સલામતી માટે બંધ કરાઈ છેઃ તંત્ર

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર નજીક પુનગામ એક્સપ્રેસ હાઈવેનો એપ્રોચ રોડ અચાનક બંધ કરી દેવાતા અંકલેશ્વર-હાંસોટ-ઓલપાડ તાલુકાના હજારો વાહન ચાલકોમાં 'રાહતની જાહેરાત બાદ છેતરાયા'નો અહેસાસ થયો છે. જો કે આ નિર્ણય સલામતીના ભાગરૂપે હંગામી ધોરણે લેવાયો હોવાનું જણાવાયું છે.

અંકલેશ્વર નજીક પુનગામ પાસેથી એક્સપ્રેસ હાઈવે ઉપર જવાનો એપ્રોચ રોડ શનિવારથી લોખંડી ડિવાઈડર ઠોકી અચાનક બંધ કરાતા વિસ્તારનાં વાહનચાલકો સ્તબ્ધ થઈ ગયા હતા. અંકલેશ્વર, હાંસોટ તથા ઓલપાડ તાલુકાના લોકોને કેન્દ્રીય માર્ગ મકાન મંત્રાલય દ્વારા ગત નવેમ્બર માસમાં આ એપ્રોચ રોડ શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી, જેને લઈ સ્થાનિકોએ ભારે રાહતની લાગણી વ્યક્ત કરી હતી. જો કે શનિવારે એન્ટ્રી એક્ઝીટ

બંધ કરી દેવામાં આવી હતી તેમજ પોલીસે સ્થળ પર બંદોબસ્ત જાળવી રાખી હાઈવે ઓર્થોરિટીએ એપ્રોચ રોડની એન્ટ્રી ડિવાઈડર બેરીકેડ મૂકીને સંપૂર્ણ રીતે બંધ કરી દીધી હતી. રોજિંદા આવન-જાવન માટે આ માર્ગ પર નિર્ભર રહેલા લોકો માટે આ નિર્ણયથી કફોડી હાલત ઉભી થઈ છે.

સ્થાનિકો દ્વારા પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે કે જાહેરાત બાદ હવે એપ્રોચ રોડ કેમ બંધ કરાયો? યોગ્ય સ્પષ્ટતા અને દ્વિધારૂપી જવાબથી કાયમી ઉકેલ માટે વાહનચાલકોએ તંત્ર સમક્ષ યોગ્ય ગણાતો પુનગામ પોઈન્ટ શરુ કરવા પ્રબળ માંગ ઉઠી રહી છે.

જમીન સંપાદન તેમજ માળખાકીય બાંધકામ બાદ કાયમી એન્ટ્રી-એક્ઝિટ બનાવાશે

આ અંગે સ્થાનિક તંત્રને પુછાતા તંત્રએ સ્પષ્ટતા કરી હતી કે જે તે સમયે પુનગામ નજીક એન્ટ્રી એક્ઝીટ શરૂ કરવામાં આવી હતી, તે વૈકલ્પિક ધોરણે નાગરિકોની સરળતાના હેતુથી ચાલુ કરવામાં આવી હતી. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા અંકલેશ્વરથી આગળ કિમ સુધી એક્સપ્રેસ હાઈવે શરૂ કરવામાં આવ્યો છે અને ભરૂચ-વડોદરા તરફથી આવતા ઝડપી વાહનવ્યવહારના કારણે અકસ્માતની સંભાવના ટાળવા માટે અંકલેશ્વર ખાતે થોડા સમય માટે વૈકલ્પિક એન્ટ્રી-એક્ઝિટ બંધ કરવામાં આવી છે. મંજૂર થયેલ કાયમી એન્ટ્રી-એક્ઝિટ યોજના મુજબ બનશે તથા તેની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે. સૂત્રો જણાવી રહ્યા છે કે કાયમી એન્ટ્રી એક્ઝીટ માટે જરૂરી જમીન સંપાદન તેમજ અન્ય માળખાકીય બાંધકામની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થઇ જશે.

આમોદના બે ગામમાં કેનાલના પાણી ઘૂસી જતાં ખેતરો બરબાદ

કેરવાડા-દેણવા કેનાલ ઓવરફ્લો થતા કોલવણી અને ઈટોલા ગામ વચ્ચેના ખેતરોમાં ઊભો પાક નષ્ટ થઈ જવાની ભીતિ

ભરૂચઃ આમોદ તાલુકાના કેરવાડા-દેણવા કેનાલમાં સિંચાઈ વિભાગ દ્વારા ક્ષમતા કરતાં વધુ પાણી છોડવામાં આવતાં કોલવણા અને ઈટોલા ગામ વચ્ચેના ખેતરો જાણે પાણીના તળાવો બની ગયા છે. આ ઘટનાને કારણે 8થી 10 જેટલા ખેતરોમાં ઉભો પાક પાણીમાં ગરકાવ થઈ જતા પાક નષ્ટ થવાની ભીતિને ખેડૂતો નોંધારા બનવાના સંજોગો ઉભા થયા છે. સિંચાઈ વિભાગે છેવાડાના ગામો સુધી પાણી પહોંચાડવાના પ્રયાસમાં કેરવાડા-દેણવા કેનાલમાં પાણી વધારે છોડતા ખેતરો પાણીથી લથપથ બની ગયા છે. આ કેનાલમાં મૂળ તો કચરો અને ઝાડી-ઝાંખરાને કારણે પાણીનો પ્રવાહ અવરોધાયો હતો. ઓવરફ્લો કેનાલનાં પાણી ફરી વળતાં તેમની આખી સીઝન નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે વહીવટી તંત્રની બેદરકારી અને અણઘડ નીતિને કારણે તેઓ આર્થિક પાયમાલી તરફ ધકેલાયા છે. સિંચાઈ વિભાગ દ્વારા તાત્કાલિક નુકસાનીનું સર્વે કરાવીને ખેડૂતોને વળતર આપે.

Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 06:00pm, 09:00pm,
Jai Kanhaiyalall Ki-Gujarati
07:00pm, 09:30pm
Bicharo Bachelor-Gujarati
11:00am
Dhurandhar
05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333